ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરમાં ૧૮ થી ૨૦ હજાર કિલો બરફનો વપરાશ

## જેમ જેમ ગરમી વધે તેમ તેમ ૫૦૦ થી ૧૦૦૦ કિલો બરફનો વપરાશ વધે છે

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે તેવામાં શહેરીજનો ગરમીથી રાહત મેળવવા માટે વિવિધ નુસખાઓ અપનાવી રહ્યા છે. ઠંડા પીણાં, શેરડીનો રસ, બરફના ગોળા વિગેરેથી ઠંડક મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેવામાં શહેરમાં બરફની માંગમાં વધારો થયો છે. જેમાં દરરોજ ૧૮ હજાર કિલોથી ૨૦ હજાર કિલો બરફનું વેચાણ થઈ રહ્યું છે. જેમ જેમ ગરમી વધતી જાય છે એમ એમ ૫૦૦ થી ૧૦૦૦ કિલો બરફનો વપરાશ વધી રહ્યો છે. ગાંધીનગરમાં બરફનો વ્યવસાય કરતા ૧૦ જેટલા વેપારીઓ છે. જે પૈકી માહિતી મળતા જાણવા મળ્યું હતું કે શહેરમાં કાળઝાળ ગરમી વધતા બરફનું વેચાણ દૈનિક ૧૨૦થી ૧૫૦ પાટ થયું છે એટલે કે એક પાટમાં ૧૫૦ કિલો બરફ અર્થાત ૧૮૦૦૦ થી ૨૦૦૦૦ કિલો બરફની ડીમાન્ડ જોવા મળી રહી છે. જો કે શહેરમાં ઘરે ઘરે ફ્રિઝ હોવા છતાં આટલી બધી બરફની ડીમાન્ડ વર્તાઈ રહી છે. આ ઉપરાંત આઈસ્ક્રીમ પાર્લરો, હોટલ, રેસ્ટોરન્ટમાં પણ ફ્રિઝની વ્યવસ્થા હોય જ છે તેવામાં બરફની માંગ ઓછી હોવી જોઈએ પરંતુ આ વર્ષે ગરમીનું જોર વધતા દરરોજ ૫૦૦થી ૧૦૦૦ કિલો બરફનો વપરાશ વધી રહ્યો છે. જેમાં એપ્રિલ માસથી લગ્નસરાની સિઝન ચાલુ થવાથી લગ્નપ્રસંગોમાં પણ છૂટક બરફનું વેચાણ વધી જવા પામ્યુ છે. શહેરીજનોએ કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે શેરડીનો રસ અને બરફનો ગોળો ખાવા તરફ ધસારો દર્શાવ્યો છે તેવામાં શેરડીના રસના કોલામાં અને બરફના ગોળામાં એટલે કે છૂટક બરફની માંગ વધવા પામી છે તેથી વેપારીઓને વધુ છૂટક બરફ લેવાની પરિસ્થિતિ ઉભી થઈ છે. મોંઘવારીના કારણે છૂટક બરફના ભાવમાં પણ વધારો થયો છે સામે તેની ડિમાન્ડ પણ વધી રહી છે.







### ઘરે ઘરે ફ્રિઝ હોવા છતાં બરફનો વપરાશ વધ્યો

**શહેરમાં ઘરે ઘરે ફ્રિઝ હોવા છતાં ઉનાળામાં બરફનો વપરાશ વધી રહ્યો છે. આ ઉપરાંત આઈસક્રીમ પાર્લરો, હોટલ, રેસ્ટોરન્ટમાં પણ ફ્રીઝ હોવા છતાં છૂટક બરફનો વપરાશ વધી રહ્યો છે.**

### લગ્નપ્રસંગો, શેરડીના કોલા, બરફના ગોળામાં છૂટક બરફની માંગ વધી

**લગ્ન પ્રસંગોમાં, શેરડીના કોલામાં તથા બરફ ગોળામાં મુખ્યત્વે છૂટક બરફનો વપરાશ વધારે થઈ રહ્યો છે. લગ્નસરાની મોસમ હોવાથી છૂટક બરફની માંગ વધી રહી છે. આ ઉપરાંત ગરમીનું જોર વધી રહ્યું છે તેવામાં શહેરીજનો નિયમિત શેરડીનો રસ તથા બરફગોળા ખાવા તરફ વળ્યા છે તેવામાં શેરડીના કોલામાં અને બરફ ગોળાવાળા વેપારીઓ દ્વારા બરફની ખરીદી કરવામાં આવી રહી છે.**

## આયુષ્યમાન ભારત હેઠળ બ્લોક હેલ્થ મેળાનું આયોજન



ગાંધીનગર, તા.૨૩

અડાલજ ખાતે આયુષ્યમાન ભારત હેઠળ બ્લોક હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરના સ્વહસ્તે મેળાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અનિલભાઈ પટેલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડોકટરો અને કર્મચારીઓ, અધિકારીઓ અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી બ્લોક હેલ્થ મેળાનો નિઃશુલ્ક લાભ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વિશ્વ પૃથ્વી દિવસે જુના માસ્કથી બનેલ આકર્ષક બોરિયાને પ્રથમ ઈનામ મળ્યું

ગાંધીનગર, તા.૨૩

એ.આઈ યુથ ફાઉન્ડેશન અને ડિફેન્સ યુનિકોર્નના સંયુક્ત પ્રયાસ હેઠળ આજના યુવામાં પર્યાવરણની જાળવણી બાબતે જાગૃતતા વધે એ અંતર્ગત ઓનલાઈન કાર્યક્રમ 'માય અર્થ,માય લાઈફ' અને સ્પર્ધાનું સફળતા પુર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરમાંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ યુવાઓએ હર્ષભેર ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે આયોજિત સ્પર્ધામાં વિધાર્થીઓએ રિડ્યુસ, રિસાયકલ અને રિયુઝ થીમ હેઠળ વિવિધ કલાત્મક અને વિચારાત્મક મોડેલ બનાવી દરેક હાજર મહેમાન તથા પ્રેક્ષકોને અચંબિત કરી દીધા હતા. આયોજિત ઈવેન્ટ તથા સ્પર્ધામાં ચીફ ગેસ્ટ તથા જજ તરીકે ગાંધીનગર સ્થિત શંકરસિંહ વાઘેલા 'બાપુ' કોલેજમાં આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પાર્થ રાવલે હાજરી નોંધાવી યુવાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આખા ગુજરાતમાંથી પાંચસો કરતા વધારે યુવાઓએ પોતાના મોડેલ મોકલી ખૂજ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાંથી શોર્ટલિસ્ટ કરાયેલ દસ મોડેલને જજ સમક્ષ જે તે વિધાર્થી દ્વારા રજૂ કરાયા હતા.



મળતી માહિતી મુજબ પ્રથમ ત્રણ વિજેતાઓમાં રાજકોટથી જોડાયેલ કેવલ પરમારે વપરાઈ ગયેલ ટૂથ-બ્રશ તથા અન્ય પ્લાસ્ટિક વસ્તુઓનો ઉપયોગ કરી બુટ પોલિશ કરવાનું બ્રશ તથા દિવથી જોડાયેલ રુત્વા દિવેચાએ પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ કરી ફલાવર પોટ બનાવી પોતાની કલાત્મકતા દર્શાવી ક્રમિય તૃતીય અને દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જ્યારે સ્પર્ધાના વિજેતા વડોદરા સ્થિત નિશા ઠાકર બન્યા હતા જેમને પોતાની કલાત્મકતા અને નવિનતાનો ઉપયોગ કરી માસ્કમાંથી માથામાં નાખવાનું ખૂબજ સુંદર અને આકર્ષક બોરિયું બનાવી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જજ પાર્થ રાવલે પણ દરેક સ્પર્ધકોને એમને બનાવેલ મોડેલને સંલગ્ન તથા જે તે મોડેલને સ્પર્ધક વ્યાપારિક દૃષ્ટિએ પણ કેવી રીતે જોવે છે એ પ્રકારની પ્રશ્નોતરી પણ કરી હતી અને તેના જવાબ પણ દરેક સ્પર્ધકે સફળતા અને સમજદારી પૂર્વક આપી જજને પ્રભાવિત કર્યા હતા.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં પ્રી-પ્રાયમરીના બાળકો દ્વારા ગ્રાન્ડ પેરેન્ટસ ડે ની ઊજવણી કરવામાં આવી હતી, જેમાં નાના-નાના ભૂલકાઓના દાદા-દાદી તથા નાના-નાની ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નાના ભુલકા દ્વારા દાદા-દાદી માટેના એકશન સોગ તથા બાળકોમાં દાદા-દાદીનું કેટલું મહત્વ રહેલું છે તે સમજાવામાં આવ્યું હતું. બાળકો તેમના અતિવહાલ સોયા દાદા-દાદીને કેટલો પ્રેમ કરે છે તે એકશન સોગ દ્વારા રજૂ કર્યું હતું.

## આજે સે-૭-સી ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૩

માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩સીના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો રમાબેન ડાહ્યાભાઈ પટેલ, સેકટર-૭-સી, પ્લોટ નં. ૯૪૬/૧, એસ.ટી. ડેપોની સામે ડૉ. શેખાવતની પાસે ૨૪ એપ્રિલે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે. સર્વે ભાવિ ભકતોને પધારવા ભાવસાર પ્રફુલ્લાબેન બાબુલાલે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## આજે સે-૨૭ ખાતે સુંદરકાંડ પાઠ અને ભજન સત્સંગ દ્વારા શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૩

ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે અલ્પેશ વાસુદેવભાઈ બ્રહ્મભટ્ટના નિવાસસ્થાને પ્લોટ નં. ૮૮૫ શિવશકિત સોસાયટી, સે-૨૭ ખાતે સુંદરકાંઠ પાઠનું ૨૪મીએ રવિવારે આયોજન કરવામાં આવ્યું છે. જે સવારે ૮.૩ કલાકે સુંદરકાંડ પાઠ અને બપોરે ૨.૩૦ કલાકે ભજન અને સત્સંગ યોજાશે. સર્વે ભાવિ ભકતોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા સાયન્સ સીટીની મુલાકાત

ગાંધીનગર, તા.૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સે.૨૩, ગાંધીનગરની કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા.૨૨/૦૪/૨૨ના રોજ અમદાવાદ ખાતે આવેલ સાયન્સ સીટીની મુલાકાત લીધી હતી. તાલીમાર્થીઓએ આ વિઝીટ દરમ્યાન સાયન્સ સીટી ખાતે નેચર પાર્ક, થ્રીલરીડ, પ્લેનેટ અર્થ, એકવેટીક ગેલરી, રોબોટિકસ ગેલરી, હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ, જુદા જુદા વૈજ્ઞાનિકો વિશેની માહિતી, ચિલ્ડ્રન એક્ટીવીટી સેન્ટર, અણુ ઉર્જા વિશેની વિવિધ માહિતી, એકઝીબિસન હોલ, લાઈફ સાયન્સ પાર્ક, વિવિધ જીવોની જીવન શૈલી વગેરે વિશેની માહિતી મેળવી હતી.





'સોની સુખાકારી' જનકલ્યાણ માટે સતત પ્રયત્નશીલ એવા ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્ય શંભુજી ઠાકોરના મતક્ષેત્રમાં ટીંટોડા - ઉવારસદ રોડ થી કરશનપુરા, નાનપુરા ટીંટોડા સુધી રસ્તાનું રીસરફેસીંગનું કામ નું ખાર્ત મુહૂર્ત કર્યું હતું. જેમાં ટીંટોડા ગામનાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ઋષિ નરેન્દ્રકુમાર પટેલ



સંસ્કાર ગ્રુપ દ્વારા વિશ્વ ધરતી દિન નિમિતે ધરતી માતાની પૂજા અર્ચના કરવામાં આવી હતી.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ની ઉપસ્થિતિ માં આનંદનો ગરબો યોજાયો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. મહેતા લીલાબેન ચીમનલાલ,** ઉ.વ. ૬૭, ડભોડા
- **સ્વ. ઠાકોર કાળાજી શંકરજી,** ઉ.વ. ૭૯, સે-૨૭
- **સ્વ. ઠાકોર હરદાસજી પથુજી,** ઉ.વ. ૬૯, પીંપળજ
- **સ્વ. પરમાર સજનબેન જાલમસિંહ,** ઉ.વ. ૪૭, બિલમણા, દહેગામ
- **સ્વ. ઠાકોર રઈબેન મેલાજી,** ઉ.વ. ૪૯, સે-૧૫, ફતેપુરા

### આવતીકાલે વિશ્વ મેલેરિયા દિવસ

# શહેરમાં મેલેરિયાના કેસોમાં ધરખમ ઘટાડો

## વિશ્વ મેલેરિયા દિવસની થીમ : વૈશ્વિક મેલેરિયા રોગનું પ્રમાણ ઘટાડવા અને જીવન બચાવવા માટે નવીનતમ સંવાદ હાથ ધરીએ : ગાંધીનગરમાં હાલમાં મેલેરિયાના માત્ર ૬ જેટલા જ કેસો છે

ગાંધીનગર, તા.૨૩

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૫ એપ્રિલને વિશ્વ મેલેરિયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.વર્ષ ૨૦૨૨ માટે વિશ્વ મેલેરિયા દિવસની થીમ 'Harness Innovation to reduce the global malaria burden and save lives' એટલે કે 'વૈશ્વિક મેલેરિયા રોગનું પ્રમાણ ઘટાડવા અને જીવન બચાવવા માટે નવીનતમ સંવાદ હાથ ધરીએ' રાખવામાં આવી છે.

ગાંધીનગરમાં મેલેરિયાની પરિસ્થિતિ જોતાં છેલ્લા ૧૦ વર્ષમાં મેલેરિયાના કેસોમાં અને તેમાં પણ ફાલ્સીફેરમ કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. મેલેરિયા રોગના નિયંત્રણ અને અટકાયત માટે મેલેરિયા અટકાયતી તમામ પગલાંઓ જેવા કે વહેલું નિદાન, સંપૂર્ણ સારવાર, સંકલિત વાહક નિયંત્રણ પગલાંઓ જેમાં જંતુનાશક દવાનો છંટકાવ, પોરાનાશક કામગીરી, જંતુનાશક દવાયુકત મચ્છરદાનીનો ઉપયોગ તથા કાયમી પાણી ભરાયેલ સ્ત્રોતોમાં પોરાભક્ષક માછલી મુકવી વિગેરેની સાથે સાથે જુદા જુદા વિભાગો સ્વૈચ્છિક સંસ્થાઓ, મહાનગરપાલિકા, ગ્રામ પંચાયતો તથા આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિઓ સઘન રીતે હાથ ધરવામાં આવે તે ખૂબ જરુરી છે. તેમાં પણ આ પ્રવૃત્તિઆમાં લોક સહકાર મળે તો મેલેરિયા નિયંત્રણ અને અટકાયતની કામગીરી ખૂબ જ સરળ રીતે થઈ શકે છે.


ગાંધીનગરમાં જાન્યુઆરી ૨૦૨૨થી એપ્રિલ મહિના દરમિયાન મેલેરિયાના કેસોમાં ગણતરીના જ કેસો જોવા મળ્યા છે. મેલેરિયાના ૬ જેટલા કેસો નોંધાયા છે.

વર્ષ ૨૦૩૦ સુધી ભારત સરકાર દ્વારા અને રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુકત ગુજરાતનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનો નિર્ધાર કર્યો હતો. ગુજરાત સરકારના લક્ષ્યોને પુરા કરવા માટે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને પણ કમર કસી છે. જીએમસીના હેલ્થ ઓફિસર દ્વારા મેલેરિયા નાબુદી માટે જનજાગૃતિ સહિત વિવિધ યોગ્ય પગલાં હાથ ધરવામાં આવ્યા હતા. વરસાદી માહોલમાં શહેરમાં મચ્છરજન્ય રોગો ફેલાવાની સ્થિતિ વધી જાય છે તેવામાં તંત્ર દ્વારા ફોગિંગની કામગીરી હાથ ધરાઈ હતી.

મેલેરિયા નાબૂદી માટે વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા પણ જનજાગૃતિ માટેના કાર્યક્રમો રાખવામાં આવે છે. શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં પણ સ્વચ્છતા માટે જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવતા હોય છે.

### મેલેરિયા થવાના કારણ

**મેલેરિયા મચ્છરના કરડવાથી ફેલાતો રોગ છે જે વ્યક્તિને મેલેરિયા હોય તેને મચ્છર કરડે એટલે મચ્છર પણ મેલેરિયાથી સંક્રમિત થાય છે અને આ મચ્છર જયારે અન્યને કરડે છે તો તે વ્યક્તિને પણ મેલેરિયા થાય છે મેલેરિયા પરજીવીને પ્રસારિત કરવાની પ્રવૃત્તિ રાખે છે. આ પરજીવી જયારે શરીરમાં પ્રવેશે છે ત્યારે લીવરમાં જાય છે અને તે લાંબા સમય સુધી નિષ્ક્રિય રહે છે. આ પરજીવી પરિપકવ થાય છે તો તે લાક રકત કોશિકાઓને સંક્રમિત કરે છે અને ત્યારબાદ શરીરમાં મેલેરિયાના લક્ષણ દેખાવા લાગે છે.**



### મેલેરિયાથી બચવાના ઘરગથ્થું ઉપાય

**આદુ આપણી રોગ પ્રતિકારક શકિતને મજબૂત કરે છે આદુનું સેવન કરવાથી ઈન્ફેકશનથી લડવાની શકિત શરીરને મળે છે. આદુમાં સક્રિય ઘટક અને જિંજોલ હોય છે જેમાં એન્ટી ઈફલેમેટરી અને એન્ટી બેકેટેરીયલ ગુણ હોય છે જેના કારણે શરીરને મેલેરિયા સામે લડવા માટે મજબૂત કરે છે.**